**અમદાવાદના મહે. અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર 19603/2025**

**આંક:-**

ફરીયાદ :- શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :- **જયસિંહ પ્રવીણસિંહ પરમાર**

બાબત :- **મોટર વ્હીકલ એકટની ની કલમ ૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ**

---

**//ચુ કા દો//**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે મોટર વ્હીકલ એકટની ની કલમ ૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(૧) આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૫ અન્વયે મોટર વ્હીકલ એકટની ની કલમ ૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા **૨૧૦૦/- (અંકે રુપિયા બે હજાર એક સો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન - ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ રોકડ નાણાં સરકાર ખાતે ખાલસા કરવા તેમજ મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ મોબાઈલ ફોન અને વાહન અંગે જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તો વચગાળાનો હુકમ કાયમ કરવો અને જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો ન હોય તો મુદામાલ મોબાઈલ ફોનનાં બીલના આધારે તથા વાહનની માલિકીની યોગ્ય ખરાઈ કરી માલીકીના પુરાવા રજુ કર્યેથી મૂળ માલિકને પરત સોંપવા તેમજ દર્શાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૨/૦૭/૨૦૨૫

અમદાવાદ(ગ્રામ્ય)

**(એમ.ડી.વીરાણી)**

એડી.સીવીલ જજ

અને જયુ.મેજી.ફ.ક,

અમદાવાદ (ગ્રામ્ય)

UIC No.GJ01362